**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનું વિકાસ સાથે સુરક્ષા માટે ટેકનોલોજીના વિનિયોગ કરવા આહ્વાન**

# વડોદરા શહેર-જિલ્લાને રૂ. 538 કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

‘વિશ્વાસ પ્રોજેક્ટ’થી શહેરમાં અદ્યતન સર્વેલન્સ નેટવર્ક મજબૂત બનશે



(પ્રતિનિધિ) વડોદરા, તા.11

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા વડોદરા શહેર અને જિલ્લામાં કુલ રૂપિયા ૫૩૮ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ આપવામાં આવી છે, જે રાજ્યના સર્વાંગી વિકાસ માટે સરકારની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે તેમણે જણાવ્યું હતું કે ‘ડબલ એન્જિન’ સરકારના સંકલિત પ્રયાસોથી વડોદરા આજે વિકાસના નવા માપદંડો સ્થાપી રહ્યું છે. એક જ મંચ પરથી ૫૫ જેટલા પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થવું એ રાજ્ય સરકારના દૃઢ નિર્ધારનું પ્રતીક છે. આ પ્રકલ્પો વડોદરાની સુરક્ષા, સુવિધા અને નાગરિકોની સુખાકારી માટે મહત્વપૂર્ણ સાબિત થશે. નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ગુજરાત પોલીસના ‘વિશ્વાસ પ્રોજેક્ટ’ અંતર્ગત વડોદરા શહેરમાં અદ્યતન સીસીટીવી કેમેરા નેટવર્ક ઉભું કરવામાં આવ્યું છે, જેમાં સરકારી તથા ખાનગી કેમેરાઓને એકીકૃત કરીને શહેરમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવાઈ છે. હાલના તબક્કામાં હજારો કેમેરાઓને એક સંકલિત સિસ્ટમ સાથે જોડવામાં આવ્યા છે, જેના કારણે ગુનાઓના ઝડપી નિરાકરણમાં મદદ મળી રહી છે અને નાગરિકોમાં સુરક્ષાની લાગણી વધુ મજબૂત બની છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આવનારા સમયમાં આ કેમેરા નેટવર્કને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ટેકનોલોજી સાથે જોડવામાં આવશે, જેમાં ફેશિયલ રિકગ્નિશન અને નંબર પ્લેટ ઓળખ જેવી સુવિધાઓનો સમાવેશ થશે. આ પગલાં પોલીસ માટે ફોર્સ મલ્ટીપ્લાયર સાબિત થશે અને ગુનેગારોને ઝડપી રીતે શોધવામાં મદદરૂપ બનશે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત પોલીસના જવાનોના અવિરત સેવાભાવની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે દરેક પરિસ્થિતિમાં પોલીસ જવાનો નાગરિકોની સુરક્ષા માટે પ્રતિબદ્ધ રહે છે. તેમના સુખાકારીને ધ્યાનમાં રાખીને પોલીસ હાઉસિંગ, જેલ સુવિધાઓ અને પોલીસ સ્ટેશનોના વિકાસ માટે કરોડો રૂપિયાના પ્રોજેક્ટો અમલમાં મુકવામાં આવ્યા છે, જેનાથી પોલીસ દળની કાર્યક્ષમતા વધુ મજબૂત બનશે. તેમણે જણાવ્યું હતું કે વડોદરા જિલ્લાના વિકાસ માટે પણ વિવિધ પ્રકલ્પો હાથ ધરવામાં આવ્યા છે, જેમાં માર્ગ-મકાન, શિક્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કામોનો સમાવેશ થાય છે. ખાસ કરીને નર્મદા નદી પરનો મહત્વપૂર્ણ બ્રિજ અને ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુધારણા જેવા પ્રકલ્પો વિસ્તારના લોકો માટે લાભદાયી સાબિત થશે. અંતમાં તેમણે નાગરિકોને આ સુવિધાઓનું સંરક્ષણ કરવા અને શહેરને વધુ સ્વચ્છ, સુરક્ષિત અને વિકાસશીલ બનાવવા સહભાગી થવા અનુરોધ કર્યો હતો. રાજ્યમંત્રી ડૉ. મનીષાબેન વકીલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે વડોદરા ખાતે ‘વિશ્વાસ 2.0’ અંતર્ગત ક્લસ્ટર-4નું લોકાર્પણ રાજ્ય માટે ગૌરવની બાબત છે અને આ પહેલ ગુજરાત પોલીસને ટેકનોલોજી આધારિત સ્માર્ટ પોલીસિંગ તરફ આગળ ધપાવશે. તેમણે જણાવ્યું હતું કે આજના સમયમાં પોલીસની ભૂમિકા માત્ર પરંપરાગત વ્યવસ્થાથી આગળ વધી આધુનિક સાધનો અને ટેકનોલોજી સાથે જોડાઈ રહી છે. સીસીટીવી કેમેરા, ડ્રોન ટેકનોલોજી અને ‘ત્રિનેત્ર’ જેવી વ્યવસ્થાઓના માધ્યમથી સુરક્ષા વ્યવસ્થા વધુ સશક્ત બની રહી છે, જે નાગરિકોમાં વિશ્વાસ અને સુરક્ષાની ભાવના મજબૂત બનાવે છે.

**પોલો ગ્રાઉન્ડની સામે રૂ. ૪.૧૨ કરોડના ખર્ચે બનેલી સુવિધાસભર કચેરીના પટાંગણમાં વૃક્ષારોપણ કરાયું**

# નૂતન ચેરેટી ભવનનું ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા લોકાર્પણ કરાયું



(પ્રતિનિધિ) વડોદરા, તા.21

ગુજરાત સરકારના કાયદા વિભાગ હેઠળ વડોદરા શહેરમાં પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન ઓફિસ તથા જોઈન્ટ ચેરીટી કમિશનરની કચેરી માટે આધુનિક સુવિધાઓથી સજ્જ નવી ઈમારતનું નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવીના હસ્તે આજે લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. રૂ. ૪.૧૨ કરોડના ખર્ચે બનેલા આ કચેરીનું તેમણે નિરીક્ષણ કરી પટાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું.

રાજ્યમંત્રી ડો. મનિષાબેન વકીલ, કાયદા સચિવ ઉપેન્દ્ર એમ. ભટ્ટની વિશેષ ઉપસ્થિતિમાં નાયબ મુખ્યમંત્રીએઆ નૂતન કચેરીનો પ્રારંભ કરાવ્યો હતો. અધિકારીઓને તેમના સ્થાન ગ્રહણ કરાવ્યા હતા. આ કચેરીને જી+૨ માળની રચના સાથે કુલ ૧૨૧૧.૨૧ ચો.મી. વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે. ઈમારતમાં ગ્રાઉન્ડ ફ્લોર પર પાર્કિંગ તથા રિસેપ્શાન વિસ્તાર, પ્રથમ માળ પર મદદનીશ ચેરીટી કમિશનરની કચેરી તથા બીજા માળ પર જોઈન્ટ ચેરીટી કમિશનરની કચેરીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. કચેરીઓમાં ઓફિસ રૂમ, કોર્ટ રૂમ, સ્ટાફ રૂમ, રેકોર્ડ રૂમ, વેઈટીંગ એરિયા તેમજ કોન્ફરન્સ રૂમ જેવી સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.નાગરિકોની સુવિધાને ધ્યાનમાંરાખીને બિલ્ડિંગમાં જેન્ટ્સ અને લેડીઝ ટોઈલેટ, દિવાનીંગ માટે અલગ ટોઈલેટ, લિફ્ટ, વોટર કૂલર રૂમ તેમજ અન્ય આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઉપરાંત, સમગ્ર કેમ્પસમાં ફાયર સેફ્ટી સિસ્ટમ તથા રેઈન વોટર હાર્વેસ્ટિંગ જેવી આધુનિક વ્યવસ્થાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. કેમ્પસ વિકાસ હેઠળ ગાર્ડન એરિયા, સી.સી. રોડ, પંપ અને સંપ રૂમ, સિક્યુરિટી કેબિન, મુખ્ય પ્રવેશદ્વાર તથા કમ્પાઉન્ડ વોલનું નિર્માણ પણ કરવામાં આવી રહ્યું છે.આ વેળાએ સંયુક્ત ચેરિટી કમિશનરશ્રી યોગિનીબેન સિમ્પી, વરિષ્ટ અધિકારી વનરાજસિંહ જેબલિયા, ઉપસચિવ અમિત ગોહિલ, વિભાગીય અધિકારી સુધાંશુ આચાર્ય સહિત રાજ્યની તમામ ચેરિટી કચેરીના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**દારૂ પીવાની ના પાડતાં બેટ-પાઇપ લઈ હુમલાખોરો તૂટી પડ્યા**

# ફતેગંજમાં જીમખાના રોડ પર ગેરેજ સંચાલક પર જીવલેણ હુમલો

પોલીસ દ્વારા ગણતરીના કલાકોમાં 3 આરોપીને પકડી કાન પકડવા ઉઠક બેઠક કરાવી કાયદાના પાઠ ભણાવ્યા



(પ્રતિનિધિ) વડોદરા, તા.21

ફતેગંજ વિસ્તારમાં જીમખાના રોડ પર બે યુવકો ટુ-વ્હીલર રીપેરીંગ કરવાનું ચલાવી પોતાનું તથા પરિવારનું ગુજરાન ચલાવે છે. જિલ્લા કેટલા સમયથી અજય માળી સહિતના યુવકો તેમના ગેરેજ પાસે દારૂ પીવા માટે બેસતા હતા.

દરમિયાન તેમના ગેરેજ માંથી ચોરી થવાના બનાવો બન્યા હોય ત્યારે ગેરેજ સંચાલકોએ તેમને તેમના ગેરેજ પાસે બેસીને દારૂ પીવાની ના પાડતાં અજય માળી સહિતના હુમલાખોરોએ અકળાઈ ગયા હતા અને બંને ગેરેજ ચલાવતા યુવકો સાથે ઝઘડો કરવા લાગ્યા હતા. દરમિયાન હુમલાખોર ત્રણ યુવકો બેટ અને લોખંડના પાઈપ લઈ ધસી આવ્યા હતા અને હથિયારો વડે સંચાલકો નિશાન બનાવી તેમના માથા સહિતના ભાગે ફટકા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

હુમલામાં સંચાલક લોહીલુહાણ થઈ જતા તેમને તાત્કાલિક સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની હાલત અંગે ડૉક્ટરો દ્વારા સારવાર આપવામાં આવી રહી છે. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક હરકતમાં આવી હતી અને વિસ્તારમાં દાદાગીરી કરી ખોફ ફેલાવવાનો પ્રયાસ કરનાર ત્રણ માથાભારે તત્વોને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યા હતા. પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જોકે પોલીસે ત્રણ હુમલાખોરને ઝડપી કાન પકડાવી ઉઠક બેઠક કરાવી ફરી આવી હરકત નહીં કરવા માટે માફી પણ મંગાવી હતી.

**વડોદરામાં 23મીએ કોંગ્રેસનું શક્તિપ્રદર્શન**

# રાહુલ ગાંધી 'આદિવાસી અધિકાર સંવિધાન સંમેલન' ગજવશે

સર્કિટ હાઉસ ખાતે પ્રદેશ કોંગ્રેસની પત્રકાર પરિષદ યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરાના સર્કિટ હાઉસ ખાતે આજે શહેર કોંગ્રેસ દ્વારા એક મહત્વપૂર્ણ પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં આગામી 23મી તારીખે વડોદરાની ધરા પર યોજાનારા ‘આદિવાસી અધિકાર સંવિધાન સંમેલન’ અંગેની સત્તાવાર જાહેરાત અને વિગતો પૂરી પાડવામાં આવી હતી. આ સંમેલનમાં લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધી ખાસ ઉપસ્થિત રહીને આદિવાસી સમાજની વેદનાને વાચા આપશે. પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અગ્રણી નેતા અમિત ચાવડા, વડોદરા મહાનગરપાલિકાના વિપક્ષી નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવ (ભથ્થુ), શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિક જોષી સહિતના અનેક વરિષ્ઠ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. નેતાઓએ એકસૂરે જણાવ્યું હતું કે, આ સંમેલન માત્ર એક રાજકીય કાર્યક્રમ નથી, પરંતુ આદિવાસીઓના અસ્તિત્વ અને અધિકાર માટેની લડાઈનું રણશિંગુ છે.

આગામી 23 તારીખે રાહુલ ગાંધી વડોદરા ખાતે પધારી રહ્યા છે, જે અંતર્ગત કોંગ્રેસ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ સંમેલનમાં ખાસ કરીને આદિવાસી યુવાનો અને સામાજિક અગ્રણીઓને મોટા પાયે આમંત્રિત કરવામાં આવ્યા છે. રાહુલ ગાંધી આદિવાસીઓના જળ, જમીન અને જંગલના અધિકારો વિશે તેમજ વર્તમાન સમયમાં બંધારણીય જોગવાઈઓના થતા ઉલ્લંઘન અંગે સીધો સંવાદ કરશે.

**સીટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓમાં PNG માટે પણ અરજી કરવી પડશે**

# કોમર્શિયલ LPG ગ્રાહકો માટે નિયમોમાં મોટો ફેરફાર, હવે નોંધણી કરાવવી ફરજિયાત બનશે

**શોર્ટ** સર્કિટના કારણે આગ લાગી હોવાની પ્રાથમિક આશંકા, કોઈ જાનહાનિ નહીં

(પ્રતિનિધિ), વડોદરા. તા.21

કેન્દ્ર સરકાર અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા કોમર્શિયલ ગેસના વપરાશને વધુ સુવ્યવસ્થિત કરવા માટે નિયમોમાં મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. નવા નિયમો મુજબ, હવે તમામ કોમર્શિયલ LPG ગ્રાહકોએ ગેસ જોડાણ મેળવવા અને તેનો ઉપયોગ ચાલુ રાખવા માટે કડક નિયમોનું પાલન કરવું પડશે. આ ફેરફારનો મુખ્ય હેતુ કોમર્શિયલ ગેસના વપરાશ પર દેખરેખ રાખવાનો અને બિનઅધિકૃત વપરાશને અટકાવવાનો છે. નવા અમલી બનેલા નિયમો અનુસાર, દરેક કોમર્શિયલ LPG ગ્રાહકે જે-તે ઓઈલ માર્કેટિંગ કંપનીઓમાં પોતાની સત્તાવાર નોંધણી કરાવવી પડશે. અત્યાર સુધી અનેક કિસ્સાઓમાં નોંધણી વગર કે અન્ય માધ્યમોથી ગેસ મેળવવામાં આવતો હતો, પરંતુ હવે ઓઈલ કંપનીઓ પાસે ડેટા હોવો અનિવાર્ય બન્યો છે. નોંધણી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જ ગ્રાહકો સત્તાવાર રીતે ગેસનો પુરવઠો મેળવી શકશે. માત્ર નોંધણી જ નહીં, પરંતુ ગ્રાહકે પોતાના વ્યવસાયિક ક્ષેત્રની વિગતો પણ આપવી પડશે. ગ્રાહકે તે કયા ક્ષેત્રમાં ગેસનો ઉપયોગ કરે છે અને તેની વાર્ષિક જરૂરિયાત અંદાજે કેટલી રહેશે, તેની લેખિત જાણ કંપનીને કરવાની રહેશે. આનાથી કંપનીઓને ગેસના પુરવઠાનું આયોજન કરવામાં સરળતા રહેશે.

વધતા જતા ગેસના વપરાશ અને પર્યાવરણને ધ્યાનમાં રાખીને, સરકારે હવે સીટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) નેટવર્ક પર ભાર મૂક્યો છે. નિયમો મુજબ, કોમર્શિયલ ગ્રાહકોએ હવે સીટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓમાં PNG (પાઇપ્ડ નેચરલ ગેસ) મેળવવા માટે પણ અરજી કરવી પડશે. જે વિસ્તારોમાં પાઈપલાઈન સુવિધા ઉપલબ્ધ છે, ત્યાં ગ્રાહકોએ LPG થી PNG તરફ વળવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ નવા નિયમોના અમલીકરણથી હોટલ, રેસ્ટોરન્ટ અને નાના ઉદ્યોગો ચલાવતા કોમર્શિયલ ગ્રાહકોએ હવે વહેલી તકે પોતાની વિગતો અપડેટ કરવી પડશે.

## જંબુસર એસટી ડેપોની જર્જરિત હાલત: મુસાફરો અને કર્મચારીઓએ બસને ધક્કા મારીને શરૂ કરી, વાયરલ વીડિયોએ ઉઠાવ્યા સવાલો



■ જંબુસર એસટી ડેપોનો એક ચોંકાવનારો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ વિડીયોમાં જોવા મળે છે કે ટેકનિકલ ખામીને કારણે રસ્તા વચ્ચે બસ બંધ પડી ગઈ હતી. બસ ચાલુ ન થતાં આખરે મુસાફરો અને ડેપોના કર્મચારીઓએ સાથે મળીને બસને ધક્કા મારીને શરૂ કરવાની ફરજ પડી હતી.

**કાલોલ મામલતદારની લાલ આંખ**

# મલાવ ચોકડી પાસેથી ગેરકાયદેસર લાકડાભરેલું ટ્રેક્ટર ઝડપાયું

પાસ-પરમિટ વગર લાકડાનું વહન કરતા ટ્રેક્ટર પર કાર્યવાહી

(પ્રતિનિધિ) કાલોલ, તા.21

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. કાલોલના મામલતદાર વિકાસ પટેલ દ્વારા મલાવ ચોકડી પાસેથી ગેરકાયદેસર રીતે લાકડાનું વહન કરી રહેલા ટ્રેક્ટરને ઝડપી પાડવામાં આવ્યું છે, જેના કારણે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મલાવ ચોકડી પાસેથી પસાર થઈ રહેલા ટ્રેક્ટર નંબર GJ-17-D-1726 અને ટ્રોલી નંબર GRY-6564ને અટકાવી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ટ્રોલીમાં મોટા પ્રમાણમાં લાકડાનો જથ્થો મળી આવ્યો હતો. ટ્રેક્ટર ચાલક પાસે આ લાકડાના પરિવહન માટે જરૂરી કોઈ પણ સત્તાવાર પાસ-પરમિટ ન હોવાનું સામે આવતા મામલતદાર દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન ટ્રેક્ટર અને લાકડાનો જથ્થો કબજે કરી કાલોલ મામલતદાર કચેરી ખાતે મુકવામાં આવ્યો છે. સાથે જ વન વિભાગ અને સંબંધિત વિભાગોને જાણ કરી આગળની કાયદેસરની કાર્યવાહી તેજ કરવામાં આવી છે.મામલતદારની આ ઓચિંતી કાર્યવાહીથી વિસ્તારમાં ગેરકાયદેસર લાકડાના વહન કરતા તત્વોમાં ભયનો માહોલ સર્જાયો હોવાનું જાણવા મળે છે.

**પોલીસ ભવનમાં સાતમે માળે બનેલા આ સેન્ટરની શ્રી સંઘવી તથા ડીજીપી કે. એલ. એન. રાવે કર્યું નિરીક્ષણ**

# વડોદરા શહેર પોલીસના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા શહેર પોલીસ કક્ષાના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ લોકાર્પણ કર્યું હતું. ગુજરાત પોલીસના સ્માર્ટ પોલીસિંગ અંતર્ગત નેત્રમ પ્રોજેક્ટ હેઠળ પોલીસ ભવનના સાતમા માળે સિટી લેવલનું આ આધુનિક સેન્ટર બનાવવામાં આવ્યું છે. વડોદરા શહેરની મુલાકાતે આવેલા નાયબ મુખ્યમંત્રી સીધા પોલીસ ભવન ખાતે પહોંચ્યા હતા અને અહીં તેમને ડીજીપી કે. એલ. એન. રાવ અને શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા આવકારવામાં આવ્યા હતા. શહેર પોલિસની એક ટૂકડી દ્વારા નાયબ મુખ્યમંત્રીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. બાદમાં આ મહાનુભાવો દ્વારા



તક્તિનું અનાવરણ કરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનરશ્રીએ વડોદરા શહેર પોલીસ દ્વારા આધુનિક ટેક્નોલોજીના વિનિમયથી ક્રાઈમ ડિટેક્શન, મહત્વના તહેવારોમાં બંદોબસ્ત, સંસાધનો અંગેની માહિતી પ્રસ્તુત કરી હતી. તત્પશ્ચાત મહાનુભાવો દ્વારા કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની મુલાકાત લેવામાં આવી હતી. અહીં સીસીટીવી કેમેરા થકી વડોદરા શહેરમાં સુરક્ષા - ટ્રાફિકની દ્રષ્ટિએ કેવી રીતે નજર રાખવામાં આવી રહી છે ? તે બાબતોની રસપ્રદ જાણકારી સંઘવીએ અત્રેથી મેળવી હતી. તેમણે સુરક્ષા પ્રણાલીમાં આધુનિક ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા સૂચન કર્યું હતું. નાયબ મુખ્યમંત્રીએ વિઝીટ બૂકમાં પોતાની નોંધ લખી શહેર પોલીસ કમિશનરશ્રીએ સુપ્રત કરી હતી.

# કરજણ નજીક આઈશર ગાડીનો ગમખ્વાર અકસ્માત, ડ્રાઈવરનું મોત

કરજણ સરકારી દવાખાનમાં પરિવાર પહોંચતા મૃતદેહ જોઈ ભારે આક્રંદ વ્યક્ત કર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

ખેડા જિલ્લાના સોખડા ગામે રહેતા યુવક ના પિતા આઈસર ગાડી લઈને નવસારી જવા નીકળ્યા હતા. તે દરમિયાન કરજણના હાંડોદ ગામ પાસે તેમનો સ્ટેરીંગ પરનો કાબુ જતા આઈસર આગળ ચાલતા અન્ય વાહન સાથે અથડાતા ગોઝારો અકસ્માત થયો હતો. જેમાં યુવકના પિતાનું ગંભીર ઈજાઓના કારણે કમ કમાટી પર સ્થળ પર જ મોત નીપજ્યું હતું. અકસ્માત એટલો ભયંકર હતો કે ગાડીના આગળના ભાગનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને એન્જિન પણ છૂટું પડી ગયું હતું.

ખેડા જિલ્લાના માતર તાલુકાના સોખડા ગામના રહેવાસી આશિષભાઈ ભરતભાઈ પરમાર દ્વારા કરજણ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવેલી ફરીયાદ મુજબ તેમના પિતા ભરતભાઈ હરમાનભાઈ પરમાર આઈસર ગાડી લઈને કોકાકોલા કંપનીનો માલ ગોબલજથી ભરી નવસારી તરફ જવા નીકળ્યા હતા. દરમિયાન 20 માર્ચની મધરાત્રી દરમિયાન કરજણ તાલુકાના હાંડોદ ગામ નજીક પસાર થતી વખતે ગાડી પુરઝડપે હંકારતા હોય તેમણે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા આગળ જતા અજાણ્યા વાહન સાથે ધડાકા ભેર અથડાતા ગમખ્વાર અકસ્માત થયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે ગાડીનો આગળનો ભાગનો સંપૂર્ણપણે કચ્ચરઘાણ વળી ગયો હતો. હતો અને એન્જિનનો ભાગ પણ છૂટો પડી ગયો હતો.

**પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી શાહરૂખ ગોહિલની ધરપકડ કરી પોક્સો હેઠળ ગુનો દર્જ કર્યો**

# ભરૂચમાં સ્કૂલ વાન ચાલકે સગીર વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ આચર્યું

**વિદ્યાર્થિનીના** ભોળપણનો લાભ લઇ આરોપીએ લોભ લાલચ આપી તેણીની સાથે અનેકવાર દુષ્કર્મ આચર્યુ હતુ

**ત્રણ દિવસમાં ત્રણ ઘટના**

સમાજ અને પોલીસ માટે પડકાર ભરૂચ પંથકમાં છેલ્લા ત્રણ દિવસમાં આ ત્રીજી દુષ્કર્મની ઘટનાb બની છે. સતત આવી ઘટનાઓમાં સભ્ય સમાજમાં ચિંતા પ્રસરી ગઈ છે.સમાજે અને પોલીસ માટે પડકારરૂપ ઘટના છે.

(પ્રતિનિધિ) ભરૂચ, તા.21

ઔદ્યોગિક નગરી ભરૂચમાં એક અત્યંત ગંભીર અને માનવતા શરમાવે તેવી ઘટના સામે આવી છે. શહેરની એક જાણીતી ખાનગી શાળાની સગીર વિદ્યાર્થિનીને તેણીની જ સ્કૂલ વાન ચલાવતા ચાલકે પોતાનો શિકાર બનાવી હતી. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પોલીસને મળતી માહિતી અનુસાર, પીડિતા સગીરા નિયમિતપણે આ વાનમાં શાળાએ જતી-આવતી હતી. આરોપી વાન ચાલક, 25 વર્ષીય શાહરૂખ રુસ્તમ ગોહિલ, વિદ્યાર્થિનીની માસૂમિયતનો લાભ લઈને તેણીને લાલચ આપી અવાવરુ સ્થળે લઈ જઈ અનેકવાર દુષ્કર્મ આચરતો હતો. જ્યારે આ ઘટનાની જાણ વિદ્યાર્થિનીના વાલીઓને થતાં, તેમણે તાત્કાલિક ભરૂચ સી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ, પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા આરોપી શાહરૂખ ગોહિલની ધરપકડ કરી લીધી છે.

આરોપી વિરુદ્ધ બળાત્કાર, અપહરણ અને પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલમાં પોલીસે પીડિતા અને આરોપી બંનેની મેડિકલ તપાસ કરાવવાની કાર્યવાહી શરૂ કરી છે. આ બનાવે ખાનગી શાળાઓ દ્વારા સંચાલિત વાન સેવાઓની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલ ઉઠાવ્યા છે.

નાગરિકો અને વાલી મંડળોએ માંગ કરી છે કે શિક્ષણ વિભાગ દ્વારા તમામ સ્કૂલ વાન ચાલકોનું પોલીસ વેરિફિકેશન અને આઈડી કાર્ડ ફરજિયાત બનાવવામાં આવે. પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે આ ઘટનાએ ભરૂચના સામાજિક જનમાનસ પર ઊંડો આઘાત પાડ્યો છે.

**પોલીસ અને અધિકારીઓની સમયસર કાર્યવાહી**

# લીમખેડા ગામમાં બાળ લગ્ન અટકાવી લગ્નપ્રસંગ મોકૂફ રખાવાયો

(પ્રતિનિધિ) લીમખેડા, તા.21

આશરે ૧૭ વર્ષીય સગીર યુવક મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના સીમલીયા ગામે ધનજીભાઈ જીવાભાઈ રાવળની દીકરી નીલમકુમારી સાથે લગ્ન કરવા જતો હતો. આ મામલે અગાઉ જ દાહોદ ખાતે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારીને ફરિયાદ મળતા તારીખ ૨૦/૦૩/૨૦૨૬ના વહેલી સવારે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

લીમખેડા પોલીસ સ્ટાફ અને બાળ લગ્ન પ્રતિબંધક અધિકારીની ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરી સગીર વય હોવાના કારણે લગ્ન માટે નીકળેલી જાનને અટકાવી પરત મોકલી દીધી હતી. આ દરમિયાન હાજર પરિવારોને બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬ અંગે કાયદાકીય સમજ પણ આપવામાં આવી હતી. આ કામગીરીમાં લીમખેડા પોલીસ સ્ટાફ સાથે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારીની કચેરીના ચીફ પ્રોબેશન અધિકારી આર.પી.ખાટા, તાલુકા સહાયક વિક્રમભાઈ ચારેલ, વિજયભાઈ ભાભોર, પરેશભાઈ મકવાણા, બાળ સુરક્ષા અધિકારી એસ.કે. તાવિયાડ તેમજ પ્રોટેક્શન અધિકારી (બિન સંસ્થાકીય સંભાળ) આર.પી. ભુરીયા અને એન.બી. બરજોડનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો. સમયસર કરાયેલ આ કાર્યવાહીથી એક સગીરનું બાળ લગ્ન અટકાવવામાં સફળતા મળી છે, જે સમાજ માટે સકારાત્મક સંદેશરૂપ બની છે.